સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સાત્ત્વિક છોડીને નેતાઓ ખાય છે કોલસો!
નામ ને નામનાની ખાણ થાય છે કોલસો!
થાય છો કોલસો નેતાજી આબરૂ સહિત -
અંતે તો જેલની ભઠ્ઠીમાં જાય છે કોલસો..

હાઈકુ

રાજભવને -
સત્તા પરિવર્તને -
રમાય ખો-ખો..

ગણેશ નામે,
મૂષકોને છે મોજ -
મળે મોદક!

ચિંતન

તાત તીનિ અતિ પ્રબલ ખલ કામ ક્રોધ અરુ લોભ મુનિ બિગ્યાન ધામ મન કરહિં નિમિષ મહું છોભ ।
લોભ કે ઇચ્છા દંભ બલ કામ કે કેવલ નારી ક્રોધ કે પુરૂષ બચન બલ મુનિવર કહે હું બિચારી ॥

તુલસીકૃત 'રામચરિત માનસ'માં ભગવાન શ્રીરામ નારદજીને જ્ઞાન આપતાં કહે છે કે :

(૧) હે તાત! કામ, ક્રોધ અને લોભ આ ત્રણે બાબત ખૂબ જ દુષ્ટ છે. એની ભયંકરતા તો એવી છે કે જ્ઞાનના નિધાન રૂપ મુનિઓના મનને પણ પળવારમાં ચલિત કરી નાખે છે. અર્થાત જ્ઞાની અને સમજુ એવા મુનિવરને પણ ક્ષણવારમાં કામ-ક્રોધ અને મોહ ચલિત કરી નાખે છે.

(૨) જેને લોભ લાગે છે તેને તે પ્રાપ્ત કરવાની પ્રબળ ઇચ્છા જાગે છે અને પોતાની તે પ્રાપ્ત કરવાની તીવ્ર વૃત્તિને દંભથી દબાવી દઇ પાખંડથી તે વસ્તુ પામવાની ધૃષ્ટતા કરવામાં આવે છે.

એકલી સ્ત્રી સાથેનું એકાંત કામના-ઇચ્છા, વાસના જાગૃત કરે છે અને માણસ જયારે ક્રોધના આવેશમાં હોય ત્યારે વાણી અને વિચારનો સંયમ તૂટી જાય છે સારી બાબત બોલી-વિચારી નથી શકતો.

જ્ઞાની મુનિવરોનું આ તારતમ્ય છે.

સુવિચાર

- ખુદા મારી સમીપ રહે છે.. મારાથી એ દૂર ક્યાં છે.. કિંતુ જોઇ શકું એને.. એટલું આંખોમાં નૂર ક્યાં છે **- શાહબુદ્દીન રાઠોડ**
- આંખે અઢાર નંબરનાં ચશ્માં હોય તો પણ ઇશ્વરની કૃપા જોઇ શકાય છે.. કેમ કે ઇશ્વર ચર્મચક્ષુથી નહીં દિવ્યચક્ષુથી જોઇ શકાય છે.. દિવ્યચક્ષુને કદી મોતિયો આવતો નથી **- એસ. ભટ્ટાચાર્ય**
- જે ધાર્મિક છે.. આસ્તિક છે, જે પોતાની ભીંતર વળેલો છે.. એને ખ્યાલ આવી જાય છે.. કે આ સુખ તો કસ્તુરી જેવું છે.. આ સુખ તો પોતાની ભીંતરથી જ પ્રગટે છે **- ભક્તિ સૂત્ર**
- અલગ ટીપાની કોઇ કિંમત નથી, પણ એ જ ટીપું જો દરિયામાં ભળી જાય તો એ દરિયો બની જાય છે, ચાલો આપણે ટીપામાંથી દરિયો બનવાનો પ્રયત્ન કરીએ.. કણકણમાં ઇશ્વર છે એની ખબર પડી જશે.. ટીપામાંથી દરિયા બનવાની વાત એટલે જ સત્સંગ **- નવનીત**
- જયાં શ્રધ્ધા પ્રગટે છે એ પથ્થરની મૂર્તિ પણ ઇશ્વર બની જાય છે.. શ્રદ્ધા પ્રગટતી નથી ત્યારે એ મૂર્તિ માત્ર પથ્થર હોય છે **- હૃદયસૂત્ર**
- ટ્રેજેડી એ નથી કે તમે લક્ષ્ય સુધી પહોંચી ન શક્યા.. ટ્રેજેડી એ છે કે કોઇ લક્ષ્ય જ ન હતું **- થીયોડોર રૂઝવેલ્ટ**
- તમે જયાં સુધી કોઇને મદદ નહીં કરો ત્યાં સુધી તમારું કોઇ મૂલ્ય અંકાવવાનું જ નથી **- કાર્લ માર્ક્સ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

વિદ્વાન-પંડિત-જ્ઞાની સદાય સ્વમાની, સ્વાભિમાન અને સ્વાવલંબી હોય છે. એમને કદી 'દાન-દક્ષિણા-ભેટ'ની અપેક્ષા નથી હોતી.

સંસ્કૃતના વિદ્વાન ભાષ્યકાર કૈયટ, કાશ્મીરના મહાપંડિત અને સાચા સંત હતા. નગરથી દૂર પર્ણકૂટિ બનાવી તદ્દન સાદગીથી સંસ્કૃતની સાધના અને ઇશ્વરની ઉપાસનામાં જ રહેતો. એમના પત્ની જંગલમાંથી વૃક્ષના થડ કાપી એમાંથી રેસા કાઢી. દોરડાં બનાવતાં અને તે વેંચી બંનેનું ગુજરાન ચલાવતાં.

આવા સંતની આવી કઠિન રહેણી જોઇ કાશ્મીરના પંડિતોએ રાજાને વાત કરી, મદદ કરવાનું કહ્યું. રાજા કહે, કૈયટ સાચા સંત અને પ્રખર વિદ્વાન છે આવા લોકો ખૂબ જ સ્વાભિમાની હોય છે. તે મદદ સ્વીકારશે નહીં, છતાં ચાલો - આપણે જઇએ.

રાજા સિક્કાની થેલી લઇને પંડિતો સામે કૈયટની પર્ણકૂટિએ ગયા. ધાર્યા પ્રમાણે જ થયું. કૈયટ ગુસ્સે થયા. પ્રદેશ છોડી જવા તૈયાર થયા. પંડિતો અને રાજાએ એમની ક્ષમા માગી માંડ રોક્યા..

Email - sureshchandrabhatt18@gmail.com

ઈશ્વર આપણી સાથે જ છે, ઈશ્વર આપણી આસપાસના પ્રત્યેક અણુ-અણુમાં છે, પ્રત્યેક જીવ-તત્વમાં છે, વૃક્ષોના પાંદડાઓમાં છે, ફૂલોની સુગંધમાં છે વરસતા વરસાદમાં છે પશુ-પક્ષીના મૌનમાં છે

ચાલો, ઈશ્વરને મળીએ... !



મોરપીંછના રંગ

- ડૉ. કનૈયાલાલ ભટ્ટ

ઈશ્વરની વ્યાખ્યા, સમજ અને સ્વરૂપ વિશે આપણા ધર્મગ્રંથો-સંપ્રદાયો અને લોકસમાજમાં જાત-જાતની ભ્રામક માન્યતાઓ પ્રવર્તે છે. કેમકે આ બધાએ ક્યાંકને ક્યાંક ઈશ્વરનું નિરૂપણ સ્વરૂપમાં ચિત્રોમાં, ફોટામાં, મૂર્તિમાં કે વ્યક્તિમાં કર્યું છે. તો વળી કેટલાંક આધુનિક યુગમાં ઉદ્‌ભવેલા ધર્મો અને સંપ્રદાયોએ ઈશ્વરને બદલે ઈશ્વરતત્ત્વને આત્મતત્ત્વને પ્રાધાન્ય આપીને કોઈને કોઈ વ્યક્તિ વિશેષના ગુણગાન ગાયા છે અથવા તો વ્યક્તિને ઈશ્વરના સ્થાને બેસાડીને પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે.

ખરેખર ઈશ્વર શું છે ? એ ક્યાં છે ? એ કેવો છે ? એ શું કરે છે ? આવા કોઈ પ્રશ્નનો જવાબ આપણને યુગોથી નથી મળ્યો કે મળશે પણ નહીં. મારી દૃષ્ટિએ ઈશ્વરની વ્યાખ્યા માત્ર એક જ શબ્દમાં આપી શકાય-ઈશ્વર એટલે 'અણુ' પ્રત્યેક અણુ-પરમાણુમાં ઈશ્વર છે.

હવે આપણે થોડી સાદી અને રોજિંદી વાત ઉપર આવીએ તો આપણે સૌ પ્રથમ એ સમજવું જોઈએ કે ઈશ્વર ખરેખર શું છે ? એનો જવાબ મેળવવા રાત્રે મકાનની છત ઉપર સુવું જોઈએ ! સુતા પછી આકાશમાં ઊગતા ચંદ્રને, તારાઓને, અંધારને, અજવાસને ધ્યાનથી જુઓ પછી વિચારો કે આપણી પૃથ્વી હવામાં લટકે છે એ એક સત્ય છે. ૨૪ કલાકમાં પૃથ્વી પોતાનું એક ચક્ર પૂરું કરે છે કેટલા કિ.મી.ની ઝડપથી ગોળ ગોળ ફરે છે એની કલ્પના કરી છે કદી ? સૂર્ય પૂર્વમાં ઊગે અને પશ્ચિમમાં આથમે છે. પૂર્વથી પશ્ચિમ દિશાના કિ.મી.ની કલ્પના કરી જુઓ. એટલા કિ.મી. ૧૨ કલાકમાં અને એટલા જ બીજા કિ.મી. ૧૨ કલાકમાં (દિવસ-રાતના) ૨૪ કલાકમાં સૂર્ય પાછો પૂર્વ દિશામાં હાજર. સૂર્ય તો સ્થિર છે પૃથ્વી ફરે છે. આખ્ખુંય વાતાવરણ, ચંદ્ર લઈને, પૃથ્વીની સાથે વાતાવરણ પણ ફરવાને કારણે આપણે નીચે પડી જતા નથી અને સ્થિરતાનો અનુભવ કરીએ છીએ. પૃથ્વી ફરે છે એની ખાત્રીરૂપ રાત્રે આકાશમાં કોઈપણ 'તારા' ઉપર સ્થિર નજર માંડશો તો એ તારો તરત જ પૂર્વ દિશા તરફ દોડતો દેખાશે. મતલબ આપણી પૃથ્વીની ગતિ પૂર્વથી પશ્ચિમ તરફની છે. હવે આ બધા તારાઓ, સૂર્ય કરતાં ય વધુ તેજસ્વી છે પણ કેટલાય પ્રકાશવર્ષ દૂર હોવાથી એ નાના દેખાય છે. બાકી આપણી આકાશગંગામાં આવા હજારો સૂર્ય છે.

દોસ્તો, હવે વિચારો કે આમાં ઈશ્વર ક્યાંય છે ? આપણી પૃથ્વી, ચંદ્ર, સૂર્ય, તારાઓ, ગ્રહો, આકાશગંગા આ બધું પ્રાકૃતિક રૂપે ગોઠવાયેલું છે. એના લયમાં ફેરફાર થાય તો ભૂકંપ, અતિવૃષ્ટિ કે પૂર જેવી કુદરતી હોનારત થાય છે.

હવે પાછા મૂળ વાત ઉપર આવીએ તો આ બધામાં ઈશ્વર ક્યાંય નથી. એક માત્ર પ્રાકૃતિક તત્ત્વ છે જે આ બધું ટકાવી રાખે છે અને આ પ્રકૃતિ એટલે ઈશ્વર. પ્રકૃતિ બની છે અણુ-અણુના સંયોજનથી. તો પછી મંદિર, પૂજા, આરતી, ફોટો, મૂર્તિ આ બધાનું શું ? સ્થૂળ દૃષ્ટિએ જોઈએ તો આ બધું જીવનમાં જરૂરી છે. આપણી હજારો વર્ષની મજબૂત ધાર્મિક પરંપરા છે. થોડા વર્ષોમાં એ કેમ તૂટી શકે ? મંદિરમાં જવાથી મન હળવું બને છે. પૂજા-આરતી કરવાથી ધ્યાન એક જગ્યાએ કેન્દ્રિત થાય છે. જેથી મનને શક્તિ અને શાંતિ મળે છે. આનાથી વિશેષ કશું જ નહીં, રામ, કૃષ્ણ, હનુમાન, મહાવીર, પયગંબર... આ બધા માનવ જ હતા. પરંતુ જન્મતાની સાથે તેઓ પ્રકૃતિતત્ત્વથી જોડાયેલા રહ્યા. પ્રકૃતિના લયમાં રહ્યા, નિયમમાં રહ્યા. પરિણામે તેમના અને પ્રકૃતિના અણુઓ એકબીજાથી જોડાયેલા રહ્યા અને તેમનામાં અદ્‌ભુત શક્તિઓ જોવા મળી. જેને કારણે તેઓએ અશક્ય કાર્યો કર્યા. આખા સમાજને, આખા યુગને પ્રકૃતિ સાથે જોડવાનું ભગીરથ કાર્ય કર્યું. એ જ એમનું દૈવત્વ હતું. આપણે પ્રકૃતિના જોડાણમાં નથી. પ્રકૃતિના લયમાં નથી. આપણે પ્રકૃતિનો લય તોડીને એનો રાગ બેસૂરો બનાવી દીધો છે. આપણી વૈચારિક શક્તિ દૂષિત બની ગઈ છે. આપણે સ્થૂળ અને સૂક્ષ્મ-બન્ને રીતે અશુદ્ધ બની રહ્યા છીએ. આપણી અંદરનું દૈવત્વ-ઈશ્વરત્વ નાશ પામ્યું છે. તેથી આપણે ઈશ્વર બની શકતા નથી. અશક્ય કાર્યો કે ચમત્કાર કરી શકતા નથી. આપણા શરીરના પ્રત્યેક અણુમાં જીવતત્ત્વ છે. પ્રકૃતિતત્ત્વ છે. આપણો પ્રત્યેક અણુ વિચારી શકે છે. એને એના કાર્યની જાણ છે. બાકી પ્રત્યેક વ્યક્તિમાં ઈશ્વર છે. પ્રકૃતિના પ્રત્યેક રૂપમાં ઈશ્વર છે.

મિત્રો, તમો વિચારો ! આપણે સવાર-સાંજ મંદિરે પૂજા-પાઠ-આરતી-ધાર્મિક વાચન, આ બધી પ્રવૃત્તિઓ કરતા હોઈશું, આવતા જન્મે સુખી થવાય તે માટે ! પરંતુ આ બધી ધાર્મિક પ્રવૃત્તિમાં આપણે એ ભૂલી જઈએ છીએ કે આપણા ઘરમાં ઉછરતાં નાનાં બાળકોને આપણી વધારે જરૂર છે. શું નાનું બાળક ઈશ્વર નથી ? એનામાં ઈશ્વરત્ત્વ પૂર્ણરૂપે છે. એ ઘરમાં રડતું હોય, પડી ગયું હોય, એને ભૂખ લાગી હોય અને આપણે ઈશ્વરની પૂજા કરતા હોઈએ, માળા ગણતા હોઈએ..! શું આ વાજબી છે ? આજના આધુનિક યુવા મિત્રો પણ ઘરમાં માતા-પિતા-વડિલોનું વારંવાર અપમાન કરતા હોય, તિરસ્કાર કરતા હોય અને સવાર-સાંજ મંદિરે ઈશ્વરના દર્શન કરવા જતા હોય. શું આ વાજબી છે ? પતિ-પત્નીના સંબંધોમાં પણ આ 'ઈશ્વર' જ વચ્ચે આવે છે. પતિને ઓફિસે જવાનો ટાઈમ હોય કે અન્ય કાર્યમાં જવાનું હોય એ સમયે પત્ની ઈશ્વરની પૂજા કરતી હોય, માળા ગણતી હોય છે. ઘણી પત્નીઓ પતિની વિરુદ્ધ જઈને ધાર્મિક વિધિઓ-પૂજાપાઠ અને બાધાબાખડી કરતી હોય છે અને પરિણામે પોતાનો સંસાર હાથે કરીને બગાડતી હોય છે. પતિને શું ગમે છે ? એના વિચાર કેવા છે ? એના આદર્શો શું છે એના સપનાઓ શું છે ? એની પ્રવૃત્તિઓ શું છે ? એ બધું જાણી-સમજીને એને અનુરૂપ થઈ જાય તો મંદિર-પૂજા-માળા કે ઈશ્વર... કશાયની જરૂર નથી. સંસાર પ્રેમથી - સરળતાથી ચાલશે. પ્રત્યેક ઘરમાં આ સ્થિતિ છે. જે ઈશ્વરને આપણે કે આપણી પાંચ-પચ્ચીસ પેઢીએ જોયો નથી અને ક્યારેય જોવાના નથી એ ઈશ્વર માટે થઈને આપણે પતિને, પત્નીને, બાળકોને, મા-બાપને દુઃખી કરીએ છીએ. એમના પ્રત્યે બેધ્યાન રહીએ છીએ. એ કેટલે અંશે વાજબી છે ? એ વિચારવા જેવી બાબત છે. આપણે ધર્મ અને ઈશ્વરને માત્ર સ્થૂળ રૂપે જ ઓળખીએ છીએ, સમજીએ છીએ. ઈશ્વર એ ખરેખર અનુભવવાનો ભાવ છે. ઈશ્વર એ કોઈ ફોટો કે મૂર્તિ નથી. એ એક અનુભૂતિ છે, સંવેદના છે, સત્ય છે અને આ ત્રણેય પરિમાણો આપણી પ્રત્યેક સદ્‌પ્રવૃત્તિમાં સાથે છે. પત્ની માટે પતિનું ઘર-એનો સ્વભાવ-એનો ધર્મ-એ સત્ય છે. એ સત્ય સ્વીકાર્યું એટલે ઈશ્વર પ્રાપ્તિ. આપણા માતા-પિતાનો સ્વભાવ તીખો, ખાટો, મોળો, કડવો ગમે તેવો હોય પણ એમને પ્રેમ-લાગણી-સન્માનથી રાખવા એ આપણો ધર્મ છે. એ ગમે તેવા તોય મા-બાપ છે એ પરમ સત્ય છે. બસ આ જ ઈશ્વરની સંવેદના છે. જે ઘરમાં મા-બાપનું માન સન્માન નથી. પ્રતિષ્ઠા નથી, સ્થાન નથી તેવા ઘરમાં ઈશ્વર કદાપી નથી હોતો... આ બધું એક બાજુ મુકીને આપણે ગમે તેટલા ધાર્મિક હોઈએ, યાત્રાઓ કરીએ, પૂજા-પાઠ કરીએ, માળાઓ કરીએ. પરંતુ બધુ જ વ્યર્થ છે. મા-બાપના આત્મ સંતોષમાં, બાળકના હાસ્યમાં, પતિના સન્માનમાં, નાના ભાઈ-ભાંડુઓની દેખરેખમાં ઈશ્વર જ છે.

રાત્રે આકાશમાં જોવાથી, ફૂલોની મહેકથી, વહેતાં ઝરણાને સ્પર્શવાથી, દરિયાને, પર્વતને, જંગલને, વૃક્ષોને જોવાથી-અનુભવવાથી જો આપણને આનંદ થતો હોય, મનને શાંતિ થતી હોય તો આપણે પૂજા-પાઠ કરવાની મંદિરે જવાની જરૂર નથી. ઈશ્વર આપણી સાથે જ છે. ઈશ્વર આપણી આસપાસના પ્રત્યેક અણુ-અણુમાં છે. પ્રત્યેક જીવ-તત્વમાં છે. વૃક્ષોના પાંદડાઓમાં છે. ફૂલોની સુગંધમાં છે વરસતા વરસાદમાં છે પશુ-પક્ષીના મૌનમાં છે. નાના બાળકની આંખમાં છે. હવામાં છે, અંધાર-અજવાસમાં છે. ઈશ્વર ક્યાં ક્યાં નથી ? આપણે ખૂદ આંખો બંધ કરીએ અને આંખોમાં જે અંધકારના વલયો રચાય એમાં ઈશ્વર જ છે અને આંખો ખોલતાં જ એ અજવાસથી છલોછલ ભરાય જાય એ પણ ઈશ્વર જ છે...! આમ છતાંય આપણે ઈશ્વર ને ફોટામાં, મૂર્તિઓમાં, મંદિરોમાં, દેરાસરોમાં શોધ્યા કરીએ છીએ. સમય અને ધનનો વ્યય કરીએ છીએ.

દોસ્તો, ચાલો આપણે પ્રકૃતિના પ્રત્યેક જીવતત્ત્વને - પ્રકૃતિ તત્ત્વને પ્રાર્થના કરીએ કે આપણી અંદર રહેલા ઈશ્વરતત્ત્વને શુદ્ધ અને સાત્વિક બનાવે જેથી મંદિર, પૂજાપાઠ-માળા-ધાર્મિક ક્રિયાઓનો સમય આપણે આપણા પરિવાર માટે તથા સત્કાર્યો માટે વાપરી શકીએ.

એક બાજુ પશુ-માતા અને સામે માનવ-માતા બંને પોતપોતાના સંતાનોની ચિંતા કરતા હતા અને બંને માતા વચ્ચે બાળક તો સિંહના બાળ સાથે કાલુ-કાલુ બોલતો, તેના કાન ખેંચે, જરા ગલગલિયા કરે, છાતીએ ચાંપે...ને વાતો કરતો જાય, સિંહ બાળ પણ બાળકના હાથમાં શાંત હતું

કારણ - એ 'મા' હતી

- અનંત ન. વ્યાસ

પોતાના સંતાનો માટે જીવનું જોખમ ખેડવું એ વિશ્વની તમામ માતાઓનો સહજ સ્વભાવ છે. સામી વ્યક્તિ પોતાના સંતાનને મદદ કરવા માગે છે તે વાત માનવ-માતા સહજ સમજી જાય... પણ પશુ-માતામાં આવી સમજણની અપેક્ષા રાખી શકાય ખરી? સંતાનને મદદ કરવા આવનાર પર સ્વભાવ-વિરૂદ્ધ હુમલો ન કરવો ને શાંત રહેવું હિંસક - પ્રાણી માટે સહજ ખરું? કદાચ પ્રકૃતિ-દત્ત કોઇ પ્રેરણાને કારણે તેના મનમાં સત્ય પ્રકાશિત થતું હશે કે તેનું સંતાન સલામત છે. આવી ધારણાને ટેકો આપે તેવા બે પ્રસંગો અગાઉ વાંચેલા તે જણાવું છું.

● પ્રસંગ ૧

વાત છે ગીરની - ગીરના પ્રખ્યાત પાણી સિંહની. સૌરાષ્ટ્રમાં સિંહ સાવજ નામે જાણીતો છે. સાવઝ ઉમદા સ્વભાવનું પ્રાણી છે. ગીરના વાસી તેનું રાજા જેવું માન જાળવે છે. રસ્તામાં કદાચ સિંહ હોય તો ગાડીનું હોર્ન વગાડી, તેને ન હટાવાય. તેની આમાન્ય જાળવી ગાડી પાછી લઇ લે. જૂનાગઢ વિભાગના વન-સંરક્ષણ અધિકારીએ આ પ્રસંગ 'ફૂલછાબ' માં લખ્યો હતો તે તેમના જ શબ્દોમાં 'વન વિભાગને સમાચાર મળ્યા કે એક સિંહ બાળ - બાવળની કાંટ્યમાં પડ્યું છે. તેના પગે સોજા ને પસ થઇ ગયું છે. સમાચાર મળતા હું મારા ત્રણ સાથીઓને લઇ જરૂરી દવા-સામાન સાથે, નિર્ધારિત જગા પર જવા જીપ લઇ નીકળ્યો. નિર્ધારિત જગાએ પહોંચી ગાડી પાર્ક કરી, તપાસ કરી તો એકાદ મહિનાનું સિંહ બાળ કાંટા વચ્ચે પડ્યું હતું. તપાસ કરતાં જણાયું કે તેના પગે મોટા ચીરા પડી ગયા હતા. કાંટાળા તારથી કુમલો પગ ચીરાયો ને પછી ધુળ-કચરો ભરાયો.'

અમો ત્રણ દવાની પેટી લઇ બચ્ચા પાસે બેઠા. તેની તપાસ શરૂ કરી ત્યાં પાછલ ઘુઘરાટ સંભળાયો પાછળ જોયું તો બચ્ચાની મા લાલચોળ આંખે અમને તાકીને ઊભેલી. ગુસ્સાભરી સિંહણને જોઇને જ અમારા કાળજા કંપી ઉઠ્યા. ખલાસ... માત્ર દસ ફૂટ દુર સિંહણ... અને અમે ભાગીને ક્યાં જવાના. ગાડી દૂર હતી. સિંહણ ધારે તો એક જ પંજામાં અમારા રામ રમાડી દે. હવે શું કરવું? સિંહણ તો ટટ્ટાર ઊભેલી અમે મનોમન ભગવાનને યાદ કર્યા. ભગવાન અમારો હેતુ સારો છે તુ જ મદદ કરજે... અમે અંદરોઅંદર વાત કરી કામ ચાલુ રાખવાનું નક્કી કર્યું. ભગવાને જે ધાર્યું હશે તે થશે...

અમે બચ્ચાનો પગ તપાસ્યો. સાદ કર્યો., દવા ને ઇન્જેકશન આપું આ દરમિયાન બચ્ચું કહરાય. અવાજ સાંભળી સિંહણ સામે જુવે. પણ હુમલો ન કર્યો. કદાચ તેને લાગ્યું હશે અમે તેના સંતાનને મદદ કરવા આવ્યા છીએ. જયાં બચ્ચું દુઃખનો અવાજ કરે તે તુરંત સામેથી પણ ઘુઘરાટ સંભળાય. જાણે માતા કહેતી હોય. બસ બેટા જરા હમણાં મટી જશે હોં... અને જો બચ્ચું વધારે અવાજ કરે તો સિંહણનો અવાજ પર ઊંચો થાય. જાણે માતા અમને ઠપકો આપતી હોય કે ભાઇ, જરા ધ્યાન રાખજો. મારા બાળકને દુઃખ થાય છે.

લગભગ અર્ધા કલાક સારવાર ચાલી. અમે પાટા બાધી બચ્ચાને પગ પર ઊભું કર્યું તે બે ડગલાં ચાલ્યું ત્યાં ગબડી પડ્યું. આ વખતે સિંહણે અવાજ ન કર્યો પણ અમારી સામે જોયું. અમે ફરી બચ્ચાને બેઠું કર્યું ને જે થવાનું હોય તે થાય. તેવા ભાવ સાથે બચ્ચાને સિંહણ પાસે, બે ફૂટના અંતરે મુકવાની હિંમત કરી. બચ્ચાને સિંહણ નજીક મુકી અમે જરા પાછળ હટ્યા. ત્યાં સિંહણ બચ્ચાને ઉપાડી લીધું. આનંદ ભર્યા ઘુઘવાટ સાથે તે તો ઝાડીમાં દાખલ થઇ ગઇ.

આ માતાએ ન તો હુમલો કર્યો ન ડરાવ્યા. વારંવાર આછા અવાજે પોતાની હાજરી પુરાવતી હતી. કોઇ પ્રાકૃતિક પ્રેરણાને લઇ તે સમજી ગઇ હતી કે તેનું સંતાન સલામત છે. એક હિંસક સ્વભાવનું પ્રાણી આટલો સમય શાંતિથી બેઠું કારણ... પરમાત્માની પ્રેરણા તેને મળી.... એ 'મા' હતી તેથી સમજી શકી.

● પ્રસંગ-૨

આ બીજો પ્રસંગ વિસ્મયકારક છે. તેમાં માનવ-માતા તથા પશુ-માતાના મનોભાવો વ્યક્ત થયા છે. માનવીય મનોભાવો થોડા સંકુચિત હોય છે. જયારે પ્રકૃતિના ખોળે ઉછરતા પ્રાણીઓની સરળ પ્રેરણા વધારે વ્યાપક હોય છે. આપણો સામાન્ય અનુભવ છે કે શેરીમાં વિવાયેલ કૂતરીના નાના નાના ગલુડિયાને બાળકો ઊચકીને ફરતા હોય છે. કૂતરી તેને કરડતી નથી. અરે ભસતા પણ નથી જયારે કોઇ મોટી વ્યક્તિ ત્યાંથી પસાર થાય તો કૂતરી સજાગ થઇ જાય છે. બાળકો પર તેનો વિશ્વાસ છે.

ગીરના નેસતી એક મહિલા પોતાના ચાર-પાંચ વર્ષના બાળકને લઇ ગરગઠિયાં વીણવા ગઇ. બાળકને એક જગા પર બેસાડી તે કરગઠિયાં વીણવા લાગી. બાળક તો ચંચળ હોય છે. તેને બેસી રહેવું ન ગમ્યું. એટલે એ ડગુમગુ ચાલતું થયું. આગળ જરા ચાલ્યું ત્યાં એક ખાડામાં ગલુડિયું જેવું સિંહબાળ જોયું. બચ્ચાને જોઇ બાળક તો ખુશ-ખુશ થઇ ગયું. એના મને તો એ ગલુડિયું જ હતું. એટલે તેણે તુરત તેને ઉપાડી લીધું.

તેની માતા તો કરગઠિયાં વીણવામાં મશગૂલ હતી. ત્યાં તેને ઘુઘવાટ સાંભળ્યો ને તે ચમકી. ઘડી ભર તેનો શ્વાસ થંભી ગયો. સામે સિંહણ ઊભી હતી અને પોતાના બાળકના હાથમાં સિંહનું બચ્ચું હતું. હાય મા - આ ઘડી બે ઘડીમાં મારા સંતાન કાળનો કોળિયો થઇ જશે. હવે શું કરવું... જો બૂમ પાડે તો સિંહણ ગુસ્સે થાય તો... બાળકને તેડવા જાય તો પણ સિંહણ ન નજીક આવવા દે. એના પગ થાંભલા થઇ ગયા. એ ઊભા રસ્તામાં સ્તબ્ધ ઊભી રહી ગઇ. સામે સિંહણ પણ એવી જ સ્થિરતાથી ઊભી હતી. એક બાજુ પશુ-માતા અને સામે માનવ-માતા બંને પોતપોતાના સંતાનોની ચિંતા કરતા હતા અને બંને માતા વચ્ચે બાળક તો સિંહના બાળ સાથે કાલુ-કાલુ બોલતો. તેના કાન ખેંચે. જરા ગલગલિયા કરે. છાતીએ ચાંપે...ને વાતો કરતો જાય. સિંહ બાળ પણ બાળકના હાથમાં શાંત હતું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

કુખ્યાત એવા આ તાવને 'ભારે તાવ'ની શ્રેણીમાં મુકવામાં આવે છે, અલગ અલગ સ્થળોએ આ તાવને મોતીઝારા, આંત્રિક જવર, મંથર જવર, મિયાદી બુખાર... આદિ નામે પણ ઓળખવામાં આવે છે

ટાઇફોઇડ નિરામય

- ડૉ. કેદાર ઉપાધ્યાય

ટાઇફોઇડ, સર્વત્ર કુખ્યાત એવા આ તાવને 'ભારે તાવ'ની શ્રેણીમાં મુકવામાં આવે છે. અલગ અલગ સ્થળોએ આ તાવને મોતીઝારા, આંત્રિક જવર, મંથર જવર, મિયાદી બુખાર... આદિ નામે પણ ઓળખવામાં આવે છે. મૂળ તો આંતરડાના લસિકા સંબંધી અવયવો અને આંતરડાની વળીઓમાં સોજો આવી જવાથી આને આંત્રિક જવર પણ કહે છે.

જયારે પીવાના પાણીની સપ્લાઇનો પ્રબંધ વ્યવસ્થિત ન હોય ત્યાં આ તાવ વધુ માત્રામાં જોવા મળતો. મૂળ કરીને એવા લોકો કે જેના શરીરમાં ટાઇફોઇટના જીવાણુઓ હાજર હોય, તેના મળ વડે આ જીવાણુઓ બહાર નીકળે છે. આ જીવાણુઓ કોઇ રીતે પીવાના પાણી સાથે ભળી જાય તો પછીએ પાણી પીનારને આ રોગ થવાનો સંભવ રહે છે. હાલ તો સાર્વજનિક ફિલ્ટર પ્લાન્ટ વગેરેને કારણે પાણી શુદ્ધ મળતું થયું છે. આથી ટાઇફોઇડની તીવ્રતા પણ ઘટી છે.

સાલ્મોનેલ્લા ટાઇફી અથવા તો બેસીલસ ટાઇફોસસ નામના લગભગ ૩-૪ માઇક્રોન લાંબા, શલાકા આકૃતિ જેવા ગ્રામ નેગેટીવ, ગતિશીલ જીવાણુ કે જે રોગીના રક્ત, મળ અને મૂત્રમાં રહે છે. તેના વડે ટાઇફોઇડ થાય છે. આ જીવાણુ જળ, દૂળ, બરફ આદિમાં લાંબા સમય સુધી જીવિત રહી શકે છે. આ જીવાણુયુક્ત પદાર્થો ખાવાથી તે જઠરમાં પહોચે છે. જઠરના એસિડ તત્ત્વો ઘણા ખરા જીવાણુઓને નષ્ટ કરી દે છે. પરંતુ બાકી રહેલા અમુક જીવાણુઓ આંતરડામાં પહોંચે છે અને પોતાની ક્રિયાકલાપ શરૂ કરે છે. આંતરડામાં પહોંચ્યાના બે અઠવાડિયા બાદ ટાઇફોડિના લક્ષણો પ્રગટ થાય છે.



મૂળ લક્ષણો પ્રગટ થયા દરમિયાનમાં શરીરમાં આળશ, માથું દુખવું, અરૂચિ, અત્યાધિક સ્વપ્નો આદિ જેવા પૂર્વરૂપો જોવા મળે છે. હળવો હળવો તાવ પણ જણાય. આ બધા લક્ષણો હોવા છતાં વ્યક્તિ પોતાનું કામ કરવામાં અસમર્થ હોતો નથી. આ પછીના બે-ત્રણ દિવસોમાં વ્યક્તિ પથારીવશ થઇ જાય છે. તાવ સતત રહે છે અને વધતો જાય છે. સવારે થોડો ઓછો જણાય છે. પ્રથમ સપ્તાહના અંતે લગભગ ૧૦૩-૧૦૪ ડિગ્રી ફેરનહાઇટ સુધી તાવ પહોંચી જાય છે. વ્યક્તિ દિવસભર સુતી રહે, મંદ રહે અને રાત્રે તંદ્રામાં હોય, પ્રલાપ કરે. દર્દીનું પેટ થોડું ફેલેલું અને ગરમ જણાય. કબજીયાત રહે. જીભ મેલી અને દુબળી હોય, હોઠ સુકાયેલા હોય. પહેલા અઠવાડિયાના અંતે રોગીના પેટ અને છાતી પર ઝીણા - ઝીણા દાણા જેવી ફોલ્લીઓ નીકળે છે. (આ કારણે જ અમુક સ્થલોએ ટાઇફોઇડને મોતીઝારા કહે છે)

બીજા અઠવાડિયામાં પણ રોગીને ખૂબ તાવ રહે છે. સાથે સાથે ઝાડા પણ થાય (અમુક. દર્દીઓમાં...) આ ઉપરાંત પેટ પણ ફૂલેલું રહે અને આ અઠવાડિયામાં રોગ પોતાના પૂર્ણરૂપ પર હોય છે. ત્રીજા અઠવાડિયાથી રોગના લક્ષણો સામાન્યતઃ ઘટતા જોવા મળે છે.

આધુનિક વિજ્ઞાનમાં વિવિધ એન્ટીબાયોટીક્સ સ્વરૂપે ટાઇફોઇડની ચિકિત્સા વિદ્યમાન છે. જેનો વિવેકબુદ્ધિપૂર્વકનો ઉપયોગ કરવો જોઇએ.

**આયુર્વેદ મુજબ ટાઇફોઇડને મૂલવીએ તો જીવાણુ સંક્રમણને લીધે મુખ્યત્વે ત્રિદોષની પ્રબળ પ્રતિક્રિયા થાય છે. કફને કારણે આંતરડામાં સોજો આદિ, પિત્તને કારણે પરિપાક આદિ અને વાયુને કારણે વિવિધ ચેષ્ટાત્મક ક્રિયાઓ જોવા મળે છે. આયુર્વેદ ચિકિત્સા જોઇએ તો મુખ્યત્વે દીપન-પાચન તેમજ કફ અને વાયુને હવે તેવી તેવી ચિકિત્સા કહી શકાય જેમાં અદિનાદી વટી, સંજીવનીવટી, પિત્તપાવડો, સુંઠ, મુક્તાપિષ્ટી, જવાહર મોહરા આદિ ઔષદો ઉપયોગી સાબિત થઇ શકે. ટાઇફોઇડમાં વ્યક્તિની પાચનશક્તિ ખૂબ ક્ષીમ થયેલી હોય છે. આથી ઔષધ પસંદગી ખૂબ કાળજ